Seat No. : _______________

# KN-108

**April-2014**

## T.Y.B.A. (Annual Pattern)

## Gujarati, Paper-XI

## (Essay & Comprehensive)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. નીચે આપેલા વિષયો પૈકી કોઈ **એક** વિષય પર આશરે **1200** શબ્દોમાં નિબંધ તૈયાર કરો. **20**

   (1) મધ્યકાલીન ગુજરાતી આખ્યાન

   (2) સાહિત્ય અને સમૂહ માધ્યમો

   (3) ગુજરાતી સાહિત્ય પર પાશ્ચાત્ય સાહિત્યનો પ્રભાવ

   (4) લોકસાહિત્ય

2. કોશનું મહત્ત્વ સમજાવી કોશના પ્રકારોની ચર્ચા કરો. **14**

   **અથવા**

   સૂચિનું મહત્ત્વ સમજાવી સૂચિના પ્રકારો સમજાવો.

3. 'અ' અને 'બ' માંથી **એક-એક** કૃતિનો પરિચય કરાવો. **16**

   (અ) (1) ઑલ્ડ મેન એન્ડ ધ સી

   (2) આઉટ સાઈડર

   (બ) (1) ગોરા

   (2) સંસ્કાર

4. બે સાહિત્યિક સંસ્થાઓ – ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીનો, તેની સાહિત્યિક પ્રવૃત્તિઓનો પરિચય આપો. **10**

   **અથવા**

   ડિસેમ્બર 2013માં આણંદ ખાતે ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક અધિવેશનનો ત્રિદિવસીય અહેવાલ આપો.

5. અહીં આપેલ મૂળ પરિચ્છેદના આધારે પ્રૂફરીડિંગ માટે આપેલા પરિચ્છેદનું યોગ્ય નિશાનીઓનો ઉપયોગ કરી પ્રૂફરીડિંગ કરો. (ઓછામાં ઓછી પંદર ભૂલોનું પ્રૂફરીડિંગ અપેક્ષિત છે.) **10**

**મૂળ પરિચ્છેદ**

આપણું જીવન સંપૂર્ણપણે શ્વાસની ક્રિયા પર નિર્ભર છે. જીવનની શરૂઆત શ્વાસ લેવાની સાથે થાય છે અને અંત શ્વાસના બંધ થવાની સાથે થાય છે. આમ જીવનનો વિસ્તાર એ પ્રથમ અને અંતિમ શ્વાસ વચ્ચેનો વિસ્તાર છે. નવજાત શિશુ જન્મતાંની સાથે શ્વાસ લે છે તેમાંથી પ્રાણતત્ત્વ ગ્રહણ કરે છે પછી શ્વાસ છોડે છે. પૃથ્વી પરના આગમનનું તેનું આ પ્રથમ કાર્ય. વૃદ્ધ વ્યક્તિ છેલ્લો શ્વાસ છોડે છે પછી તે બીજો શ્વાસ ભરી નથી શકતો ને અંતે મૃત્યુ પામે છે. જીવનનું આ અંતિમ કાર્ય. વ્યક્તિ અન્ય કોઈ ક્રિયા કરે કે ન કરે પણ પ્રથમ ક્ષણથી અંતિમ ક્ષણ સુધી શ્વસનક્રિયાનું કાર્ય અનિવાર્યપણે કરે છે. શ્વસન ક્રિયાની મહત્તા એ રીતે પણ સમજાય છે કે, વ્યક્તિ ખાધા વિના મહિનાઓ સુધી, પાણી વિના દિવસો સુધી ચલાવી શકે છે પણ શ્વાસ લીધા વિના થોડી ક્ષણો માટે પણ રહેવું અશક્ય બને છે.

– ડૉ. પ્રજ્ઞા શાહ

5. **ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે** **10**

પ્રૂફરીડિંગ એટલે શું ? પ્રૂફરીડિંગની લાયકાત અને તેની મર્યાદાઓ સમજાવો.

Seat No. : _______________

## પ્રૂફરીડિંગ માટેનો પરિચ્છેદ

આપણું જીવન સંપૂર્ણ પણે સ્વાસ ની ક્રિયાપર નિર્ભય છે. જીવનની સરૂઆત શ્વાસ લેવાની સાથે થાય છે. અને અંત શ્વાસ શ્વાસના બંધ થવાની સાથે થાય છે આમ જીવનનો વિસ્તાર એ પ્રથમ અને અંતીમ શ્વાસ વચ્ચેનો વીસ્તાર છે. નવા જાત શીશુ જનમતાંની સાથે શ્વાસ લેછે તેમાથી પ્રાણ તત્ત્વ ઘ્રણ કરે છે પછી શ્વાસ છેડે છે. પૃથ્વી પરના આગનમનુ તેનું આ પ્રથમકાર્ય વૃદ્ધ વ્યક્તિ છેલ્લે શ્વાસ છોડેછે પછી તે બીજો શ્વાસ ભરી નથી શકતો ને મૃત્યુ પામે છે. જીવનનુ આઅંતીમ કાર્ય વ્યક્તિ અન્ય કોઈ ક્રિયા કરેકેન કરે પણ ક્ષણથી અંતીમ ક્ષણ સુધી શ્વન ક્રિયાનું કાય અનિર્વાય પણે કરે છે. શ્વસનક્રિયાની માહત્તા અ રીતે પળ સામજાય છેકે વ્યક્તી ખાધા વિના ચલાવી શકે છે પણ શ્વાસ લીધા વિના થોખી ક્ષળો મટે પળ રહેવુ શક્ય બને છે

---